**મહેસાણાની મજુર અદાલતના પ્રમુખ અધિકારીશ્રી એમ.એમ.અગ્રવાલ સાહેબ સમક્ષ,
મુ.મહેસાણા.**

**રેફરન્સ (એલ.સી.એમ.) નં. ૧૫/૨૦૨૦**
**આંક–૨૭**

પ્રથમ પક્ષકાર – નાયબ કાર્યપાલક ઈજનેરશ્રી,
પાટણ સિંચાઈ પેટા વિભાગ,
સરસ્વતી પ્રોજેકટ કોલોની, રેલ્વે સ્ટેશન પાછળ, પાટણ.

// વિરૂધ્ધ //

બીજા પક્ષકાર – અશોકભાઈ કેશવલાલ વ્યાસ,
C/o, નવજયોત ઓલ ગુજરાત લેબર યુનિયન,
સિવીલ કોર્ટ સામે, મુ.તા.કડી, જી.મહેસાણા.

**વિષય – આઈ.ડી.એકટની કલમ–૧૦(૧) સી અન્વયે ન્યાય નિર્ણય કરવા અંગે.**

હાજર રહયા –
પ્રથમ પક્ષકાર તરફે – વિ.વકીલશ્રી પી.એ.ગાંધી.
બીજા પક્ષકાર તરફે – વિ.પ્રતિનિધિશ્રી એ.આર.શાહઝાદા.

**ઃ– એવોર્ડ ઃ–**

**(૧)** મદદનીશ શ્રમ આયુકતશ્રી પાટણે તેમના તા.૦૬/૦૭/૨૦૨૦ ના હુકમ નં. કેએચ એસ/એચ એમસી/–/એજે/આઈડીઆર/૦૧/૨૦૨૦ થી અત્રેની અદાલતને સરકારશ્રીના વખતો વખતના હુકમ અન્વયે ન્યાય નિર્ણય અર્થે તબદીલ કરેલ છે જેની અનુસુચી નીચે મુજબ છે.

**ઃ– અનુસુચી ઃ–**

"શ્રમયોગી શ્રી અશોકભાઈ કેશવલાલ વ્યાસને પડેલા દિવસોના પગાર સાથે નોકરીમાં મુળ જગ્યાએ પુનઃસ્થાપિત કરવા કે કેમ?

**(૨)** સદર રેફરન્સ અત્રેની અદાલતમાં ન્યાય નિર્ણય માટે સુપ્રત થતાં આ કામમાં પક્ષકારોને

આંક–૨ થી સુનાવણીની નોટીસ કાઢવામાં આવેલ જે તેઓને બજી ગયેલ હોવાનું રેકર્ડ ઉપરથી સ્પષ્ટ થાય છે. બીજા પક્ષકારે આ કામમાં આંક–૬ થી તેમનું માંગણાનું નિવેદન રજુ કરેલ છે જેની ટુંકમાં હકીકત એવી છે કે, પ્રથમ પક્ષકાર સંસ્થાને આઈ.ડી.એકટ, ઈન્ડસ્ટ્રીયલ એમ્પ્લોયમેન્ટ સ્ટેન્ડીંગ ઓડર્સ એકટ, મીનીમમ વેજીસ એકટ તેમજ અન્ય મજુર કાયદાઓ લાગુ પડે છે અને તે તમામ કાયદાઓનું પાલન કરવાની સંપુર્ણ જવાબદારી પ્રથમ પક્ષકારની છે. બીજા પક્ષકાર પ્રથમ પક્ષકાર સંસ્થામાં ૧૫ વર્ષથી સિંચાઈ નહેર વિભાગમાં રોજમદાર નહેરની મરામત કરવાની, જંગલ કટીંગ કરવાની, સિંચાઈના પાણીની દેખરેખ રાખી ઈરીગેશન કરવાની કામગીરી તથા માટીકામ કરવાની કામગીરી બજાવતાં હતાં. પ્રથમ પક્ષકાર બીજા પક્ષકારને લઘુતમ વેતન ધારા મુજબ માસિક પગાર ચુકવતી હતી. બીજા પક્ષકારનો નોકરી દરમ્યાનનો સર્વિસ રેકર્ડ ચોખ્ખો અને કલંકરહીત હતો. બીજા પક્ષકાર કામદારને પ્રથમ પક્ષકારે કોઈ નિમણુંક પત્ર આપેલ નથી કે હાજરીકાર્ડ તથા આઈકાર્ડ આપેલ નથી. તેમજ નોકરી દરમ્યાનમાં કયારેય પણ આઈ.ડી. એકટ, મીનીમમ વેજીસ એકટ મુજબના તેમજ અન્ય ઘણાં મજુર કાયદાઓ મુજબના ઘણા ખરા હકકો અને લાભો ચુકવી આપેલ નથી. પ્રથમ પક્ષકારે દરેક વર્ષમાં બીજા પક્ષકાર પાસેથી ૨૪૦ દિવસ થી વધુ કામગીરી લીધેલ છે. બીજા પક્ષકારની કામગીરી કાયમી પ્રકારની અને રોજેરોજની હતી. પ્રથમ પક્ષકારે બીજા પક્ષકારને કોઈપણ જાતના વાંક કે ગુના વગર તા.૩૧/૦૫/૧૯૯૯ના રોજથી નોકરીમાંથી મૌખિક હુકમથી છુટા કરી દીધેલ છે. બીજા પક્ષકારના કોઈપણ જાતના વાંક કે ગુના વગર એકમાત્ર બદઈરાદે જોહુકમી કરી પ્રથમ પક્ષકાર નં.૧ એ એટલે કે નાયબ કાર્યપાલક ઈજનેરશ્રી, પાટણ સિંચાઈ વિભાગ, ડીસાના આદેશથી તા.૩૧/૫/૯૯ ના રોજથી કામગીરી આપવાનું બંધ કરી સરકારશ્રી તરફથી નવો આદેશ મળતા તમોને કામગીરી આપવામાં આવશે તેમ જણાવી બ્રેક આપેલી. આ રીતે પ્રથમ પક્ષકાર તરફથી નોકરીમાંથી બ્રેક આપવામાં આવેલી હોઈ બીજા પક્ષકાર વારંવાર પ્રથમ પક્ષકારની ઓફીસે ધકકે ચઢેલા. જયાં બીજા પક્ષકારને સરકારશ્રીના નવા આદેશની રાહ જોવા જણાવી આશ્વાસનો આપવામાં આવતા હતા અને તેઓને ખોટા ખોટા આશ્વાસનો આપી વિશ્વાસમાં લઈ ધકકે ચઢાવવામાં આવેલા. પરંતુ બીજા પક્ષકાર જે અન્ય રોજમદાર મજુરોનો નામદાર લેબરકોર્ટ પાલનપુર સમક્ષ ચાલતા કેસોમાં કાર્યપાલક ઈજનેરશ્રી, ડીસા સિંચાઈ વિભાગ, ડીસા અને નાયબ કાર્યપાલક ઈજનેરશ્રી, સમૌ સિંચાઈ પેટા વિભાગ, સમૌ, તા.ડીસા વિરૂદ્ધના કેસોમાં નાયબ કાર્યપાલક ઈજનેરશ્રી, ગોપાલભાઈ હીરાભાઈ પટેલે સોગંદ ઉપર જુબાની આપી જાહેર કરેલ છે કે, તા.૩૧/૦૫/૯૯ ના રોજ કુલ ૨૨૨ (બસો બાવીસ) રોજમદાર કામદારોને કાર્યપાલક ઈજનેરશ્રી સિંચાઈ વિભાગ–ડીસાના આદેશથી છુટા કરેલ છે જે સદર ૨૨૨ (બસો બાવીસ) રોજમદારોમાં તેઓનો પણ સમાવેશ થઈ જાય છે. આ રીતે શ્રી નાયબ કાર્યપાલક ઈજનેરશ્રી, ગોપાલભાઈ હીરાભાઈ પટેલે સોગંદ ઉપર નામદાર પાલનપુર કોર્ટ સમક્ષ જાહેર કરતા બીજા પક્ષકારને તથા તેઓની સાથેના કામદારોને માલુમ પડેલ છે કે આ પ્રથમ પક્ષકાર નં.૧ એ તેઓને તા.૩૧/૦૫/૯૯ ના રોજથી બ્રેક આપવાના બહાને કાયમી ધોરણે નોકરીમાંથી છુટા કરી દીધેલ છે. બીજા પક્ષકારને પ્રથમ પક્ષકારે નોકરીમાંથી છુટા કરતા અગાઉ કોઈપણ જાતની નોટીસ, નોટીસ પગાર આપેલ નથી. તેમજ કોઈપણ

જાતનો સસ્પેન્શન હુકમ કે સસ્પેન્શન એલાઉન્સની રકમ ચુકવી આપેલ નથી. તેમજ બીજા પક્ષકાર વિરૂદ્ધ કોઈપણ જાતની ખાતાકીય તપાસ હાથ ધરેલ નથી કે કોઈપણ જાતના કાયદેસરના હકકોની રકમ ચુકવી આપેલ નથી. બીજા પક્ષકારને પ્રથમ પક્ષકારે નોકરીમાંથી છુટા કર્યા બાદ તેઓ વારંવાર પ્રથમ પક્ષકાર સમક્ષ નોકરીમાં રાખી લેવા વિનંતીઓ કરવા ગયેલ પરંતુ પ્રથમ પક્ષકારે દર છ–માસે બોલાવી નોકરીમાં રાખી લેવાના આશ્વાસનો આપી વિશ્વાસમાં લઈ ધકકે ચઢાવેલ અને ખુબ ધકકા ખવડાવીને છેવટે નોકરીમાં રાખેલ નહી. જેથી બીજા પક્ષકારે પડેલા દિવસોના પુરેપુરા પગાર સહીત તથા પુરેપુરા વળતર સહીત મુળ જગ્યા ઉપર સળંગ સર્વિસથી નોકરીમાં પુનઃસ્થાપિત થવા મદદનીશ મજુર કમિશ્નરશ્રી, પાટણ સમક્ષ ફરિયાદ કરેલ જે ફરિયાદની સમાધાન કાર્યવાહીમાં પ્રથમ પક્ષકારે તેઓને નોકરીમાં રાખી લેવાની કોઈ તૈયારી બતાવેલ નથી કે કોઈ સમાધાનકારી વલણ ના અપનાવતાં પ્રથમ પક્ષકારના કસુરના કારણે જે ફરીયાદની ઔધોગિક તકરારમાં રેફરન્સ આપી નામદાર સાહેબને ન્યાય–નિર્ણય અર્થે સુપ્રત કરેલ છે. બીજા પક્ષકારને છુટા કર્યા બાદ તેઓએ અન્ય ઘણી જગ્યાએ નોકરી મેળવવા ઘણાં પ્રયત્નો કરેલ છે પરંતુ તેઓને કયાંય નોકરી મળેલ નથી અને હાલમાં તેઓ બેકાર છે. વધુમાં દાદમાં જણાવેલ છે કે, બીજા પક્ષકારને પડેલા દિવસોના પુરેપુરા પગાર સહીત તથા પુરેપુરા વળતર સહીત મુળ જગ્યા ઉપર સળંગ સર્વિસથી નોકરીમાં પુનઃસ્થાપિત કરી લેવા પ્રથમ પક્ષકારને હુકમ કરવા તથા ઉપરોકત વળતરની રકમ ૧૨ ટકા સાદા વ્યાજ સહીત અપાવવા તથા આ અરજીનો ખર્ચ રૂ.૧૦,૦૦૦/– પ્રથમ પક્ષકાર પાસેથી અપાવવા દાદ માંગેલ છે.

(૩) બીજા પક્ષકારના માંગણાના નિવેદન વિરૂધ્ધ પ્રથમ પક્ષકાર સંસ્થાએ આ કામમાં આંક–૧૦ થી તેમનો લેખિત જવાબ રજુ કરેલ છે તેમાં જણાવેલ છે કે બીજા પક્ષકાર પ્રથમ પક્ષકાર સંસ્થા વચ્ચે નોકર–માલીકનો સંબંધ પ્રસ્થાપિત થયેલ નથી. બીજા પક્ષકારે કોઈપણ વર્ષમાં ૨૪૦ દિવસથી વધુ કામગીરી કોઈપણ વર્ષમાં સળંગ અને સતત કરેલ નથી. બીજા પક્ષકાર છુટક રોજમદાર મજુર હતા. સરકારશ્રીના માર્ગ અને મકાન વિભાગના ઠરાવ નં. ડબલ્યુસી/ ૧૫૮૮(૫)(૧)ગ.૨, તા.૧૭/૧૦/૮૮ તેમજ તેના સંદર્ભમાં સરકારશ્રી દ્વારા કરવામાં આવેલ સ્પષ્ટતા મુજબ ઠરાવનો અમલ તા.૧/૧૦/૮૮ થી કરવાનો છે. સરકારશ્રીના તમામ કાયદાઓનું પાલન આ વિભાગ દ્વારા કરવામાં આવે છે. સરકારશ્રી દ્વારા કરવામાં આવેલ સ્પષ્ટતા મુજબ ઠરાવ અનુસાર રોજમદાર નોકરીમાં દાખલ થાય ત્યારથી ૧૨ મહીનામાં ૨૪૦ દિવસની હાજરી પુર્ણ કરેલ હોય તેને બ્રેક વર્ષ ગણી તેવા ૫ વર્ષ પછી રોજમદાર કાયમીને પાત્ર ઠરે છે. ૨૪૦ દિવસ કરતા ઓછી હાજરી વાળા વર્ષ બાદ કરવાના રહે છે. બીજા પક્ષકાર આ જોગવાઈ પુર્ણ કરતા ન હોઈ કાયમી રોજમદારની પાત્રતા નિયમો અનુસાર ધરાવતા નથી કે તેને લગતા લાભો મેળવવા હકકદાર નથી. વધુમાં આ અગાઉ બીજા પક્ષકારનો રેફરન્સ કલોલના મજુર અદાલતના જજ દ્વારા નામંજુર થયેલ છે તેમ જણાવી બીજા પક્ષકારનો રેફરન્સ ખર્ચ સાથે રદ થવાને પાત્ર છે.

(૪) આ કામે બીજા પક્ષકાર તરફે આંક–૧૧ થી લેખિત દસ્તાવેજી પુરાવા રજુ કરેલ છે જેમાં પ્રથમ પક્ષકાર સંસ્થાએ આપેલ નવેમ્બર–૧૯૯૬ તથા જાન્યુઆરી–૧૯૯૮ નું હાજરીકાર્ડ, પ્રથમ પક્ષકારે આપેલ તા.૧૦/૦૯/૯૬ થી તા.૨૫/૦૯/૯૬ ની પગાર સ્લીપ, તા.૨૬/૦૯/૯૬ થી

તા.૧૨/૧૦/૯૬ ની પગાર સ્લીપ, તા.૧૪/૧૦/૯૬ થી ૩૧/૧૦/૯૬ ની પગાર સ્લીપ, તા.૦૧/૧૧/૯૬ થી તા.૨૦/૧૨/૯૬ ની પગાર સ્લીપ, તા.૨૧/૧૨/૯૬ થી ૧૦/૦૧/૯૭ ની પગાર સ્લીપ, તા.૧૧/૦૧/૯૭ થી તા.૩૧/૦૧/૯૭ ની પગાર સ્લીપ, તા.૨૧/૦૨/૯૭ થી તા.૧૦/૦૩/૯૭ ની પગાર સ્લીપ, તા.૧૧/૦૩/૯૭ થી તા.૨૯/૦૩/૯૭ ની પગાર સ્લીપ, તા.૦૩/૦૯/૯૭ થી તા.૨૨/૦૯/૯૭ ની પગાર સ્લીપ, તા.૨૩/૦૯/૯૭ થી તા.૦૨/૧૦/૯૭ ની પગાર સ્લીપ, તા.૦૩/૧૦/૯૭ થી તા.૨૦/૧૦/૯૭ ની પગાર સ્લીપ, તા.૨૧/૧૦/૯૭ થી તા.૦૫/૧૧/૯૭ ની પગાર સ્લીપ, તા.૦૬/૧૧/૯૭ થી તા.૨૫/૧૧/૯૭ ની પગાર સ્લીપ, તા.૨૬/૧૧/૯૭ થી તા.૨૦/૧૨/૯૭ ની પગાર સ્લીપ, તા.૨૨/૧૨/૯૭ થી તા.૦૬/૦૧/૯૮ ની પગાર સ્લીપ તથા તા.૦૭/૦૧/૯૮ થી તા.૨૪/૦૧/૯૮ સુધીની પગાર સ્લીપોની અસલ રજુ કરેલ છે.

ત્યારબાદ આંક–૧૨ ના દસ્તાવેજી લીસ્ટથી લેખિત દસ્તાવેજી પુરાવા રજુ કરેલ છે જેમાં જાન્યુઆરી–૧૯૯૭ નું હાજરીકાર્ડ (આંક–૨૧), ફેબ્રુઆરી–૧૯૯૭ નું હાજરીકાર્ડ (આંક–૨૨), નવેમ્બર–૧૯૯૭ નું હાજરીકાર્ડ (આંક–૨૩), ડીસેમ્બર–૧૯૯૭ નું હાજરીકાર્ડ (આંક–૨૪) તથા જાન્યુઆરી–૧૯૯૮ નું હાજરીકાર્ડ (આંક–૨૫) થી રજુ કરેલ છે.

**(૫)** આ કામે આંક–૧૩ થી બીજા પક્ષકારે પુરાવા સોગંદનામુ રજુ કરેલ છે જેઓની ઉલટ તપાસ સંસ્થાના વિંદ્વાન વકીલશ્રી દ્વારા કરવામા આવેલ છે. બીજા પક્ષકાર તરફે આંક–૧૪ થી કલોઝીંગ પુરસીસ રજુ કરેલ છે.

**(૬)** આ કામે આંક–૧૭ થી સંસ્થાના સાહેદશ્રી દીનેશકુમાર છગનલાલ પટેલે પુરાવા સોગંદનામુ રજુ કરેલ છે. જેઓની ઉલટતપાસ બીજા પક્ષકારના વિ.પ્રતિનિધિશ્રી દ્વારા કરવામાં આવેલ છે. ત્યારબાદ આંક–૨૬ થી પ્રથમ પક્ષકાર સંસ્થા તરફે કલોઝીંગ પુરસીસ રજુ કરવામાં આવેલ છે. ત્યારબાદ બંને પક્ષકારોના વિદ્વાન વકીલ/પ્રતિનિધિશ્રીઓની વિસ્તારપુર્વકની દલીલો સાંભળી કામ હુકમ પર રાખવામાં આવેલ છે.

**(૭)** સમગ્ર કેસનું રેકર્ડ તેમજ પક્ષકારો તરફેની દલીલો ધ્યાને લીધી. આ કામે ન્યાય નિર્ણય માટેના મુદ્દાઓ ઘડવામાં આવેલ છે જે નીચે મુજબ છે.

**// મુદ્દાઓ //**

(૧) શું હાલનો રેફરન્સ ડીલે અને લેચીઝના એકમાત્ર કારણસર રદ થવાને પાત્ર છે?

(૨) શું પ્રથમ પક્ષકાર સંસ્થાનો ઔધોગિક વિવાદ ધારા હેઠળ ઈન્ડસ્ટ્રીની વ્યાખ્યામાં સમાવેશ થાય છે?

(૩) શું બીજા પક્ષકારનો ઔધોગિક વિવાદ ધારા હેઠળ "કામદાર"ની વ્યાખ્યામાં સમાવેશ થાય છે?

(૪) શું બીજા પક્ષકાર પુરવાર કરે છે કે તેમની અને પ્રથમ પક્ષકાર વચ્ચે નોકર–માલિકના સંબંધો છે?

(૫) શું બીજા પક્ષકાર પુરવાર કરે છે કે તેઓ પ્રથમ પક્ષકાર સંસ્થામાં રોજમદાર તરીકે ફરજ

બજાવતાં હતા?

(૬) શું બીજા પક્ષકાર પુરવાર કરે છે કે તેઓને પ્રથમ પક્ષકારે તા.૩૧/૦૫/૧૯૯૯ ના રોજથી નોકરીમાંથી છુટાં કરેલા છે?

(૭) બીજા પક્ષકાર પુરવાર કરે છે કે તેમણે પ્રથમ પક્ષકાર સંસ્થામાં ઔધોગિક વિવાદ ધારાની કલમ ૨૫–બી મુજબ સળંગ નોકરી કરેલ છે?

(૮) શું બીજા પક્ષકાર પુરવાર કરે છે કે તેઓને પ્રથમ પક્ષકારે કીન્નાખોરી રાખી અથવા તો કોઈપણ કારણસર ગેરકાયદેસર છુટાં કરેલા છે?

(૯) શું બીજા પક્ષકાર નોકરીમાં પુનઃસ્થાપિત થવા હકકદાર છે?

(૧૦) શું બીજા પક્ષકાર પડેલા દિવસોનો કોઈ પગાર મેળવવા હકકદાર છે?

(૧૧) શું બીજા પક્ષકાર વિકલ્પે કોઈ વળતર મેળવવા હકકદાર છે?

(૧૨) શું હુકમ ?

ઉપરોકત મુદ્દાઓના મારા જવાબ નીચે જણાવેલ કારણોસર નીચે મુજબ છે.

**જવાબઃ**

(૧) નકારમાં.

(૨) હકારમાં.

(૩) હકારમાં.

(૪) હકારમાં.

(૫) હકારમાં.

(૬) હકારમાં.

(૭) હકારમાં.

(૮) હકારમાં.

(૯) આખરી હુકમ મુજબ.

(૧૦) આખરી હુકમ મુજબ.

(૧૧) આખરી હુકમ મુજબ.

(૧૨) આખરી હુકમ મુજબ.

ઉપરોકત જવાબો અંગે મારા કારણો નીચે મુજબ છે.

**// કારણો //**

**(૮) મુદ્દા નં. ૧ –**

સદર મુદ્દા પરત્વે જોઈએ તો બીજા પક્ષકારના વિ.પ્રતિનિધિશ્રીની દલીલ રહેલ છે કે આ કેસ નામ.અદાલતને રીફર કરવામાં આવ્યો છે તેથી નામ.અદાલતે કેસનો મેરીટ ઉપર નિર્ણય કરવો જોઈએ. મોડો વિવાદ ઉપસ્થિત કર્યો છે તે કારણે કેસ રદ થઈ શકે નહી.

જયારે સંસ્થાના વિ.વકીલશ્રીની દલીલ છે કે બીજા પક્ષકારે ઘણા વર્ષો પછી નોકરીમાં

પુનઃસ્થાપિત થવા માટે આ વિવાદ ઉપસ્થિત કરેલ છે તેને ડીલે અને લેચીઝનો બાદ નડે છે. આથી ડીલેના મુદ્દા પર બીજા પક્ષકારનો રેફરન્સ રદ કરવો જોઈએ.

પક્ષકારો તરફેની દલીલોના સંદર્ભમાં કેસની હકીકત જોવામાં આવે તો બીજા પક્ષકારે તેઓને તા.૩૧/૦૫/૧૯૯૯ ના રોજ નોકરીમાંથી પ્રથમ પક્ષકાર સંસ્થાએ છુટાં કર્યા છે તેવું જણાવેલ છે. નોકરીમાં પુનઃસ્થાપિત થવાની ફરીયાદ તા.૦૮/૦૧/૨૦૨૦ ના રોજ એટલે કે આશરે એકવીસ વર્ષ પછી વિલંબથી દાખલ કરી આ વિવાદ ઉપસ્થિત કરેલ છે. મદદનીશ શ્રમ આયુકતશ્રીએ બીજા પક્ષકારની આ ફરીયાદના અનુસંધાનમાં સદર વિવાદ અત્રેની અદાલતમાં ન્યાય નિર્ણય અર્થે સુપ્રત કરેલ છે. પ્રથમ પક્ષકાર સંસ્થાએ મદદનીશ શ્રમ આયુકતશ્રીના આ વિવાદ રીફર કરવાના હુકમને નામ. ઉપલી અદાલત માં પડકારેલ નથી. ઔદ્યોગિક વિવાદ ધારા હેઠળની કાર્યવાહીમાં લીમીટેશન એકટની જોગવાઈઓ લાગુ પડતી નથી તેમજ નામ.ઉપલી અદાલતોએ પ્રસ્થાપિત કરેલ સિધ્ધાંત અનુસાર માત્ર ડીલેના કારણસર રેફરન્સ રદ થઈ શકે નહી. પરંતુ કેસના ગુણદોષ પર આખરી નિકાલ કરવામાં આવે ત્યારે વિવાદ ઉપસ્થિત કરવામાં થયેલ વિલંબ ધ્યાનમાં રાખી કામદારને રાહત આપવાનો પ્રસંગ ઉભો થાય ત્યારે યથાયોગ્ય હુકમ કરવો જોઈએ તેવું ઠરાવેલ છે. આથી બીજા પક્ષકારે વિવાદ ઉપસ્થિત કરવામાં વિલંબ કરેલ છે તેટલા કારણ માત્રથી બીજા પક્ષકારનો કેસ રદ થઈ શકે નહી પરંતુ કાયદેસર ચાલવાપાત્ર છે તેવું ઠરાવવામાં આવે છે અને તેથી મુદ્દા નં.૧ નો જવાબ "નકાર"માં આપવામાં આવે છે.

**(૯) મુદ્દા નં. ૨ –**

સદર મુદ્દા પરત્વે જોઈએ તો પક્ષકારો તરફેની રજુઆત ધ્યાનમાં લેતા જણાય છે કે પ્રથમ પક્ષકાર સંસ્થા પાણીના નિયમન તથા નહેરોની જાળવણી માટેની સિંચાઈની કામગીરી કરે છે. જેમાં નહેર દ્વારા ખેડુતોને પાણી પાડવામાં આવે છે. નામ.ગુજરાત હાઈકોર્ટની ફુલ બેંચ દ્વારા Gujarat Forest Producers, Gathers & Forest Worker union v/s State of Gujarat 2004(2) GLR 1488 ના ચુકાદામાં સરકારની ઈરીગેશનની પ્રવૃતિનો 'Industry' ની વ્યાખ્યામાં સમાવેશ થાય તેમ ઠરાવેલ છે. આમ પ્રથમ પક્ષકારની પ્રવૃતિ જોતાં નામ. સુપ્રિમ કોર્ટના બેંગ્લોર વોટર સપ્લાય ના કેસમાં આપેલ માર્ગદર્શન તથા ઉપરોકત નામ.ગુજરાત હાઈકોર્ટના ચુકાદામાં જણાવ્યા મુજબ પ્રથમ પક્ષકારનો 'ઈન્ડસ્ટ્રી' ની વ્યાખ્યામાં સમાવેશ થાય છે તેમ ઠરાવવામાં આવે છે અને મુદ્દા નં.૨ નો જવાબ 'હકાર' માં આપવામાં આવે છે.

**(૧૦) મુદ્દા નં. ૩ અને ૪ –**

સદર મુદ્દાઓ પરત્વે જોઈએ તો, બીજા પક્ષકાર પ્રથમ પક્ષકાર સંસ્થામાં રોજમદાર મજુર તરીકે નોકરી કરતાં હોવાની બાબતમાં પક્ષકારો વચ્ચે કોઈ તકરાર નથી. આમ બીજા પક્ષકાર પ્રથમ પક્ષકાર સંસ્થામાં રોજમદાર મજુર તરીકે નોકરીની ફરજો બજાવતાં હતાં અને પક્ષકારો વચ્ચે માલીક–નોકરનો સંબંધ અસ્તિત્વમાં હતો તેથી મુદ્દા નં.૩ તથા ૪ નો જવાબ "હકાર" માં આપવામાં આવે છે.

**(૧૧) મુદ્દા નં.૫ –**

આ કામે મુદ્દા નં.૫ પરત્વે જોઈએ તો બીજા પક્ષકારના કથન મુજબ તેઓ નહેર સિંચાઈ વિભાગમાં રોજમદાર તરીકે નોકરી કરતો હતો. તેમજ બીજા પક્ષકારે તેઓની સોગંદ પરની જુબાનીમાં

તેઓ નહેર વિભાગમાં રોજમદાર તરીકે નહેરની મરામત કરવાની, જંગલ કટીંગ કરવાની, સિંચાઈ ના પાણીની દેખરેખ રાખી ઈરીગેશન કરવાની તથા માટીકામ કરવાની કામગીરી કરતા હતા અને આ કામગીરી કાયમી પ્રકારની હોવાનું જણાવેલ છે. જયારે બીજા પક્ષકારે તેઓની ઉલટતપાસમાં તેઓ પાટણ સિંચાઈ વિભાગમાં રોજમદાર તરીકે કામ કરતા હોવાની હકીકત કબુલ રાખેલ છે. તે સંજોગોમાં બીજા પક્ષકાર પ્રથમ પક્ષકાર સંસ્થામાં પરચુરણ રોજમદાર તરીકે ફરજ બજાવતા હતા તેમ ઠરાવવામાં આવે છે. તેથી મુદ્દા નં.૫ નો જવાબ હકારમાં આપવામાં આવે છે.

**(૧૨) મુદ્દા નં. ૬ –**

સદર મુદ્દાઓ પરત્વે જોઈએ તો, બીજા પક્ષકારનો કેસ એવો છે કે બીજા પક્ષકાર પ્રથમ પક્ષકાર સંસ્થામાં છેલ્લા આશરે ૧૫ વર્ષથી સિંચાઈ નહેર વિભાગમાં રોજમદાર તરીકે કામ કરતાં હતાં. પ્રથમ પક્ષકાર બીજા પક્ષકારને લઘુતમ વેતન ધારા મુજબનો પગાર ચુકવતી હતી. બીજા પક્ષકારને તા.૩૧/૦૫/૯૯ ના રોજ પ્રથમ પક્ષકાર સંસ્થાએ મૌખિક હુકમથી નોકરીમાંથી છુટાં કરેલ. પ્રથમ પક્ષકાર સંસ્થાએ બીજા પક્ષકારને નોટીસ, નોટીસ પગાર કે હકકોની રકમ ચુકવ્યા સિવાય નોકરીમાંથી છુટાં કરી દીધેલ છે.

જયારે પ્રથમ પક્ષકાર સંસ્થાનો મુખ્યત્વે બચાવ છે કે, બીજા પક્ષકાર માત્ર છુટક રોજમદાર મજુર હતા. તેઓ કાયમી રોજમદાર મજુર તરીકે ફરજ બજાવતા ન હતા. સરકારશ્રીના માર્ગ અને મકાન વિભાગના ઠરાવ નં. ડબલ્યુસી/ ૧૫૮૮(૫)(૧)ગ.૨, તા.૧૭/૧૦/૮૮ તેમજ તેના સંદર્ભમાં સરકારશ્રી દ્વારા કરવામાં આવેલ સ્પષ્ટતા મુજબ ઠરાવનો અમલ તા.૧/૧૦/૮૮ થી કરવાનો છે. સરકારશ્રીના તમામ કાયદાઓનું પાલન આ વિભાગ દ્વારા કરવામાં આવે છે. સરકારશ્રી દ્વારા કરવામાં આવેલ સ્પષ્ટતા મુજબ ઠરાવ અનુસાર રોજમદાર નોકરીમાં દાખલ થાય ત્યારથી ૧૨ મહીનામાં ૨૪૦ દિવસની હાજરી પુર્ણ કરેલ હોય તેને બ્રેક વર્ષ ગણી તેવા ૫ વર્ષ પછી રોજમદાર કાયમીને પાત્ર ઠરે છે. ૨૪૦ દિવસ કરતા ઓછી હાજરી વાળા વર્ષ બાદ કરવાના રહે છે. બીજા પક્ષકાર આ જોગવાઈ પુર્ણ કરતા ન હોઈ કાયમી રોજમદારની પાત્રતા નિયમો અનુસાર ધરાવતા નથી કે તેને લગતા લાભો મેળવવા હકકદાર નથી.

બીજા પક્ષકારે આ કામમાં આંક–૧૩ થી પુરાવા સોગંદનામુ રજુ કરેલ છે જેમાં તેઓએ માંગણાનું નિવેદનમાં જણાવેલી હકીકતોને મહદઅંશે અનુમોદન આપેલ છે જયારે ઉલટ તપાસમાં જણાવે છે કે "એ વાત ખરી છે કે હું પાટણ સિંચાઈ વિભાગમાં રોજમદાર તરીકે કામ કરતો હતો. એ વાત ખરી છે કે સિંચાઈ વિભાગમાં કામ કરવા માટે મારૂ ઈન્ટરવ્યુ લઈને ભરતી કરવામાં આવેલી. એ વાત ખરી છે કે પ્રથમ પક્ષકાર સંસ્થામાં કઈ સાલમાં અને કઈ તારીખે લાગેલો તેની મને ખબર નથી. એ વાત ખરી છે કે આંક–૧૩ નું સોગંદનામું મને બતાવવામાં આવે છે તેમાં શુ લખેલ છે તેની મને ખબર નથી. એ વાત ખરી છે કે મને કઈ તારીખે છુટો કરેલો તેની તારીખ મને યાદ નથી. એ વાત ખરી છે કે ગોપાળભાઈ હીરાભાઈ પટેલે કામદારોને છુટા કરેલા તેની પણ મને જાતમાહીતી નથી. એ વાત ખરી છે કે મને છુટો કર્યા બાદ મે નોકરી મેળવવા માટે ઘણા પ્રયત્નો કરેલા છે. એ વાત ખરી છે કે મે નોકરી મેળવવા માટે ઘણા પ્રયત્નો કર્યા તેનો કોઈ આધાર પુરાવો મે આ કામે રજુ કરેલ નથી. એ વાત

ખરી છે કે રોજમદાર મજુર તરીકે હુ જેટલા દિવસ કામ કરૂ તેટલા દિવસનો પગાર મને મળતો હતો. એ વાત ખરી છે કે હુ સંસ્થામાં નોકરી મેળવવા માટે ગયેલો. એ વાત ખરી છે કે મારી સાથે કોઈ કિન્નાખોરી રાખવામાં આવેલી નહી. એ વાત ખરી છે કે મને પાલનપુર કોર્ટના હુકમની કોઈ જાત માહીતી નથી. એ વાત ખરી છે કે આંક–૧૨/૧ થી ૫ માં ઝેરોક્ષ નકલ છે તેમાં કચેરીનો સહી કે સીકકો નથી."

પ્રથમ પક્ષકાર સંસ્થાના સાહેદશ્રી દિનેશકુમાર છગનલાલ પટેલ (ના.કા.ઈ.)એ આંક–૧૭ થી પુરાવા સોગંદનામુ રજુ કરેલ છે જેમાં તેઓએ સંસ્થાના લેખિત જવાબમાં જણાવેલી હકીકતોને મહદઅંશે અનુમોદન આપેલ છે જયારે ઉલટ તપાસમાં જણાવે છે કે "એ વાત ખરી નથી કે હું બીજા પક્ષકારને ઓળખુ છુ. સાહેદ જણાવે છે કે તેઓ રેકર્ડ આધારે જુબાની આપે છે. એ વાત ખરી નથી કે બીજા પક્ષકારે પ્રથમ પક્ષકાર સંસ્થામાં ૧૫ વર્ષ કેનાલ પર કામ કર્યુ છે. સાહેદ જણાવે છે કે બીજા પક્ષકારે ૧ વર્ષ નોકરી કરેલ છે. મને આંક–૯ માં કરેલ સહી બતાવતા જણાવુ છુ કે સદર દસ્તાવેજમાં સહી મારા પહેલાના અધિકારીશ્રીની છે. એ વાત ખરી છે કે આંક–૯ ના જવાબમાં બીજા પક્ષકાર કામદારે કેટલા વર્ષ નોકરી કરેલ છે તે જણાવેલ નથી. એ વાત ખરી છે કે આંક–૯ ના પેરા–૧૧ માં જણાવેલ હકીકત ૨૪૦ દિવસ પુરા કરેલ ન હોય કામદાર કાયમી થવાને પાત્ર નથી તે મારા પહેલાના અધિકારીશ્રીએ કબુલ કરેલ છે. એ વાત ખરી નથી કે નહેરમાં પાણી બારેમાસ ચાલુ હોય છે. સાહેદ જણાવે છે કે ૩ થી ૪ મહીના જ પાણી ચાલુ હોય છે. સદર નહેર અંદાજે ૪૦ વર્ષ જુની છે. એ વાત ખરી છે કે નહેર દ્વારા ખેડુતોને સિંચાઈ માટે પાણી પુરૂ પાડવામાં આવે છે. એ વાત ખરી છે કે નહેર ઉપર વોચમેન તરીકે રોજમદારો કામગીરી કરે છે. એ વાત ખરી નથી કે રોજમદારો દ્વારા નહેરની સાફસફાઈ, જંગલ કટીંગ, મરામત, દેખરેખ, વગેરે જેવી કામગીરી કરે છે. સાહેદ જણાવે છે કે પહેલા કરતા હશે. કેનાલ ઉપર હાલમાં રોજમદાર/કામદાર નથી રાખતા. રેકર્ડ આધારે રોજમદાર/કામદાર શું કામગીરી કરતા હતા તે વિષે કોઈ માહીતી/સ્પષ્ટતા નથી. એ વાત ખરી છે કે રેકર્ડ મુજબ અમારી સંસ્થામાં ૨૫–૨૭ વર્ષ નોકરી કરેલ છે. નહેરમાં પાણી ન હોય ત્યારે રોજમદાર કામદાર પાસેથી ડીપાર્ટમેન્ટ મરામતની કામગીરી લેતુ હતુ. એ વાત ખરી નથી કે વરસાદ પડે તેવા વર્ષે બારેમાસ કેનાલમાં પાણી હોય છે. સાહેદ જણાવે છે કે શિયાળા અને ઉનાળામાં પાણી છોડે ત્યારે જ પાણી હોય છે. ચોમાસા દરમ્યાન કેનાલ બંધ જ હોય. એ વાત ખરી નથી કે કેનાલમાં બારેમાસ પાણી હોય છે અને હુ ખોટી જુબાની આપુ છુ. હુ માત્ર સાત મહીનાથી પાટણ સિંચાઈ વિભાગમાં કાર્યરત છુ. મે ફરજ પર હાજર થયા પછી બીજા પક્ષકાર કામદારને નોકરી પર હાજર થવા બાબતે કોઈ પત્ર લખેલ નથી. મારી પાસે બીજા પક્ષકારને નોકરી પર લેવાની સત્તા નથી. એ વાત ખરી છે કે બીજા પક્ષકાર કામદારને કાયદેસરના કોઈ હકકોની રકમ ચુકવેલ હોય તેવો રેકર્ડ અમારી પાસે નથી. મને માર્ક–૧૧/૧ બતાવતા તેમાં કરેલ સીકકો અમારી સંસ્થાનો છે. માર્ક–૧૧/૧ અને માર્ક ૧૧/૨ ના દસ્તાવેજમાં કામે રાખનારની સહીઓ કરેલ છે તે કોને કરેલ છે તે હુ કહી શકુ નહી. એ વાત ખરી નથી કે માર્ક–૧૧/૧ માં કરેલ સહી જે તે સમયના અધિકારીની છે. એ વાતની મને ખબર નથી કે ૦૧.૧૧.૧૯૯૬ ના સમયગાળામાં નાયબ કાર્યપાલક ઈજનેર,પાટણ પેટા વિભાગમાં કોણ કાર્યરત હતુ. એ વાતની મને ખબર નથી કે જાન્યુઆરી ૧૯૯૮ ના સમયગાળામાં નાયબ કાર્યપાલક ઈજનેર, પાટણ પેટા

વિભાગમાં કોણ કાર્યરત હતુ. માર્ક–૧૧/૩ થી માર્ક–૧૧/૧૯ ની પગાર સ્લીપોમાં કયા અધિકારીની સહી છે તે હુ કહી શકુ નહી તેમજ તેમાં અમારી સંસ્થાના સીકકા નથી."

**(૧૨.૧)** આમ પક્ષકારોની સોગંદનામાની જુબાની તથા ઉલટ તપાસ ધ્યાનમાં લેતાં સ્પષ્ટ થાય છે કે બીજા પક્ષકાર પ્રથમ પક્ષકાર સંસ્થામાં રોજમદાર મજુર તરીકે સિંચાઈ વિભાગમાં નહેરની સાફસફાઈ, જંગલ કટીંગ, મરામત, દેખરેખની કામગીરી કરતા હતા. બીજા પક્ષકારનું કથન છે કે તેઓને પ્રથમ પક્ષકાર સંસ્થાએ તા.૩૧/૦૫/૯૯ ના રોજથી મૌખિક હુકમથી નોકરીમાંથી છુટાં કરી દીધેલ છે. સંસ્થાએ તેમના લેખિત જવાબમાં પ્રથમ પક્ષકાર સંસ્થામાં બીજા પક્ષકાર છુટક રોજમદાર મજુર હતા. સરકારશ્રીના માર્ગ અને મકાન વિભાગના ઠરાવ નં.ડબલ્યુ સીઈ/૧૫૮૮(૫)(૧)/ગ–૨ તા.૧૭/૧૦/૮૮ તેમજ આ સંદર્ભમાં સરકારશ્રી દ્વારા કરવામાં આવેલ સ્પષ્ટતા અનુસાર રોજમદાર નોકરીમાં દાખલ થાય ત્યારથી ૧૨ મહીનામાં ૨૪૦ દિવસની હાજરી પુર્ણ કરેલ હોઈ તેની એક વર્ષ ગણી તેવા ૫ વર્ષ જયારે પુર્ણ કરે ત્યાર પછી જ તે કાયમી રોજમદાર ઠરે. ૨૪૦ દિવસ કરતા ઓછી હાજરીવાળા વર્ષો બાદ કરવાના રહે છે. બીજા પક્ષકાર સરકારશ્રીના ધારાધોરણ મુજબ કાયમી રોજમદારની પાત્રતા નિયમાનુસાર ધરાવતા ન હોઈ લાભો મેળવવા હકકદાર થતા નથી. બીજા પક્ષકારે તેઓના માંગણાના નિવેદન તથા પુરાવા સોગંદનામાના સમર્થનમાં આંક–૧૧ ના દસ્તાવેજી લીસ્ટથી બીજા પક્ષકારના હાજરીકાર્ડ અસલ રજુ કરેલ છે. તેમજ આંક–૧૨ ના દસ્તાવેજી લીસ્ટથી જાન્યુઆરી,ફેબ્રુઆરી, નવેમ્બર, ડીસેમ્બર–૧૯૯૭ તથા જાન્યુઆરી–૧૯૯૮ ના હાજરીકાર્ડની નકલ રજુ કરેલ છે. આ તમામ દસ્તાવેજોને પાકા આંક અનુક્રમે આંક–૨૧ થી આંક–૨૫ આપવામાં આવેલ છે. આ તમામ દસ્તાવેજો વંચાણે લેતાં બીજા પક્ષકાર પ્રથમ પક્ષકાર સંસ્થામાં રોજમદાર મજુર તરીકે નોકરી કરતા હોવાનું સ્પષ્ટપણે ફલીત થાય છે. જયારે સંસ્થાનો બચાવે એવો છે કે બીજા પક્ષકારને નિયમોનુસારની કાર્યવાહી કરી મૌખિક હુકમથી છુટા કરવામાં આવેલ છે. બીજા પક્ષકારને તેઓનું બાકી નીકળતુ તમામ લેણું ચુકવી આપવામાં આવેલ છે. બીજા પક્ષકારે કયારેય સળંગ ૨૪૦ દિવસ કામગીરી કરેલ નથી. બીજા પક્ષકાર તા.૧૭/૧૦/૮૮ ના ઠરાવ મુજબ કાયમી રોજમદારની પાત્રતા ધરાવતા ન હોઈ આ ઠરાવનો લાભ મેળવવા હકકદાર થતા નથી. તેમજ સંસ્થાએ તેમના જવાબમાં જણાવેલ હકીકતો પુરવાર કરવા લેખિત કે મૌખિક પુરાવા પણ રજુ કર્યા નથી. જેથી બીજા પક્ષકારની હકીકત માનવાની રહે છે. આથી બીજા પક્ષકાર જણાવે છે તેમ, તેઓને પ્રથમ પક્ષકાર સંસ્થાએ તા.૩૧/૦૫/૯૯ ના રોજથી મૌખિક હુકમથી નોકરીમાંથી છટણી કરી દીધેલ હોવાની તેમજ બીજા પક્ષકારને છુટા કરતા અગાઉ કોઈપણ જાતની નોટીસ કે નોટીસ પગાર આપેલ નથી કે ખાતાકીય તપાસ હાથ ધરેલ નથી. આમ બીજા પક્ષકારની હકીકત ઉપરોકત સંજોગો ધ્યાનમાં લેતાં માનવાને કારણ હોઈ, બીજા પક્ષકારને પ્રથમ પક્ષકાર સંસ્થાએ તા.૩૧/૦૫/૯૯ ના રોજ મૌખિક હુકમથી નોકરીમાંથી છુટા કરી દીધેલ છે તેવું ઠરાવવામાં આવે છે.

**(૧૩) મુદ્દા નં.૭ –**

સદર મુદ્દા પરત્વે જોઈએ તો બીજા પક્ષકારે તેઓના માંગણાના નિવેદનમાં તેઓ પ્રથમ પક્ષકાર સંસ્થામાં છેલ્લા ૧૫ વર્ષથી સિંચાઈના નહેર વિભાગમાં રોજમદાર તરીકે નહેરની મરામત

કરવાની, જંગલ કટીંગ કરવાની, સિંચાઈના પાણીની દેખરેખ રાખવાની, માટીકામ કરવાની કામગીરી કરતા હતા તેમજ તેઓને પ્રથમ પક્ષકારે કોઈ નિમણુંક પત્ર આપેલ નહી હોવાનું કે આઈકાર્ડ તથા હાજરીકાર્ડ આપેલ નહી હોવાનું તેમજ પ્રથમ પક્ષકાર તેઓ પાસેથી દરેક વર્ષમાં ૨૪૦ દિવસ કરતા વધુ કામગીરી લેતી હોવાનું જણાવેલ છે. જયારે પ્રથમ પક્ષકાર સંસ્થાએ તેઓના લેખિત જવાબમાં બીજા પક્ષકારે કયારે ૨૪૦ દિવસ પુરા કરેલ નહી હોવાનું જણાવેલ છે.

બંને પક્ષકારો તરફેની ઉપરોકત રજુઆત તેમજ પુરાવા ધ્યાને લેતાં બીજા પક્ષકારે તેઓની સોગંદ ઉપરની જુબાનીમાં તેઓને આઈકાર્ડ, મીનીમમ વેજીસ મુજબના ઘણા ખરા હકકો અને લાભો આપેલ નહી હોવાનું અને પ્રથમ પક્ષકાર સંસ્થા તેઓ પાસેથી દરેક વર્ષમાં ૨૪૦ દિવસ કરતા વધુ કામગીરી લેતી હોવાનું જણાવેલ છે. આ કામે બીજા પક્ષકારની પ્રથમ પક્ષકાર તરફે ઉલટતપાસ કરવામાં આવેલ છે જેમાં બીજા પક્ષકારે જણાવેલ છે કે, તેઓ પાટણ સિંચાઈ વિભાગમાં રોજમદાર તરીકે કામ કરતા હોવાનું તેમજ પાટણ સિંચાઈ વિભાગમાં કામ કરવા માટે મારૂ ઈન્ટરવ્યુ લઈને ભરતી કરવામાં આવેલ હોવાનું જણાવેલ છે. પરંતુ કઈ સાલથી અને કઈ તારીખે લાગેલો તેની મને ખબર ન હોવાનું તેમજ ગોપાળભાઈ હીરાભાઈ પટેલે કામદારોને છુટા કરેલ હોવા બાબતની કોઈ જાત માહીતી ન હોવાનું જણાવેલ છે. આમ પ્રથમ પક્ષકાર તરફે કરવામાં આવેલ બીજા પક્ષકારની ઉલટતપાસમાં ઉપરોકત હકીકતથી વિરૂદ્ધની હકીકત રેકર્ડ પર લાવી શકેલ નથી. તેમજ પ્રથમ પક્ષકાર સંસ્થાએ બીજા પક્ષકારના ૨૪૦ દિવસ કામ કરેલ હોવાની હકીકતને લેખિત દસ્તાવેજી પુરાવા રજુ કરીને ખંડન કરેલ નથી. આ કામે પ્રથમ પક્ષકાર સંસ્થા તરફે આંક–૧૭ થી સાહેદ પટેલ દિનેશકુમાર છગનલાલનું પુરાવાનું લેખિત સોગંદનામુ રજુ થયેલ છે જેમા સાહેદ જણાવે છે કે બીજા પક્ષકારે ૧૫ વર્ષ કેનાલ પર કામ કરેલ નથી પરંતુ બીજા પક્ષકારે ૧ વર્ષ નોકરી કરેલ હોવાની હકીકત કબુલ રાખેલ છે. જયારે આ સાહેદે એ હકીકત પણ કબુલ રાખેલ છે કે રેકર્ડ મુજબ અમારી સંસ્થામાં ૨૫–૨૭ વર્ષ નોકરી કરેલ છે. આમ આ સાહેદ એક બાજી એક વર્ષ નોકરી કરેલ હોવાનું જણાવેલ છે. જયારે બીજી બાજુ એ વાત ખરી છે કે રેકર્ડ મુજબ અમારી સંસ્થામાં બીજા પક્ષકારે ૨૫–૨૭ વર્ષ નોકરી કરેલ હોવાની હકીકત કબુલ રાખેલ છે. આમ આ સાહેદ તેઓની ઉલટતપાસમાં વિભિન્ન પ્રકારની હકીકત જણાવે છે.

**(૧૩.૧)** આમ ઉપરોકત હકીકત ધ્યાને લેતાં બીજા પક્ષકારે તેઓના માંગણાના નિવેદનમાં તથા સોગંદ પરની જુબાનીમાં તેઓને નિમણુંક પત્ર, આઈકાર્ડ, હાજરીકાર્ડ આપેલ નહી હોવાનું જણાવેલ છે. જયારે પ્રથમ પક્ષકાર સંસ્થાનું એવું કથન નથી કે તેઓ બીજા પક્ષકારને નોકરી અંગેના દસ્તાવેજો આપતા હતા. તે સંજોગોમાં બીજા પક્ષકાર પાસેથી હાજરી અંગેના લેખિત દસ્તાવેજી પુરાવાઓ રજુ કરવાની અપેક્ષા રાખી શકાય નહી. જયારે પ્રથમ પક્ષકાર તરફે બીજા પક્ષકારની ઉલટતપાસ કરવામાં આવેલ છે જેમાં બીજા પક્ષકારે એ હકીકતનો સ્વીકાર કરેલ છે કે તેઓ પ્રથમ પક્ષકાર સંસ્થામાં રોજમદાર તરીકે કામ કરતા હોવાનું અને તેઓનું ઈન્ટરવ્યુ લઈને ભરતી કરવામાં આવેલ હોવાનું જણાવેલ છે. આ કામે પ્રથમ પક્ષકાર સંસ્થા તરફે બીજા પક્ષકારે રજુ કરેલ પગાર સ્લીપ તથા હાજરીકાર્ડ રજુ કરેલ છે તેને ખંડન કરતો કોઈપણ દસ્તાવેજી પુરાવો રજુ કરેલ નથી. બીજા પક્ષકારની હાજરી તેમજ પગાર અંગેનું રેકર્ડ સંસ્થા પાસે જ હોય તેમછતાં પ્રથમ પક્ષકાર સંસ્થા દ્વારા

બીજા પક્ષકારની હાજરી અંગેના પુરાવા ઉપલબ્ધ હોવા છતાં રજુ કરેલા નથી. કાયદાકીય પ્રસ્થાપિત સિદ્ધાંત અનુસાર કેસના ન્યાય નિર્ણયમાં પ્રકાશ પાડી શકે તેવા દસ્તાવેજો જે પક્ષકાર પાસે હોય તે પક્ષકારે સામાવાળા પક્ષકાર તરફે તેવા દસ્તાવેજો રજુ કરવાની માંગમી કરે કે ન કરે તો પણ રજુ કરવા જોઈએ અન્યથા તેવા પક્ષકાર સામે વિરૂદ્ધનું અનુમાન દોરી શકાય. આ કામે પ્રથમ પક્ષકારે હાજરી અંગેના દસ્તાવેજો રજુ કરેલ નથી કે નહી રજુ કરવા બાબતે કોઈ સ્પષ્ટ કારણ પણ જણાવેલ નથી. જેથી આવા દસ્તાવેજો જાણી જોઈને અને બદઈરાદાથી બીજા પક્ષકારની હાજરી રેકર્ડ ઉપર આવે નહી તે હેતુથી રજુ કરવામાં આવેલ નહી હોવાનું માનવાને કારણ રહે છે. વધુમાં પ્રથમ પક્ષકાર તરફે સાહેદે તેઓના આંક-૧૭ ના પુરાવાના સોગંદનામામાં બીજા પક્ષકાર સરકારશ્રીના તા.૧૭/૧૦/૮૮ ના ઠરાવની જોગવાઈ મુજબ ૫ વર્ષની ૨૪૦ દિવસની નોકરી પુર્ણ કરતા ના હોઈ નિયમોનુસાર કાર્યવાહી કરી છુટા કરવામાં આવેલ હોવાનું જણાવેલ છે. કાયદામાં કરવામાં આવેલ જોગવાઈ મુજબ છુટા કરતી વખતે નિયમોનુસાર ચુકવણું કરવાનો પ્રશ્ન ત્યારે જ ઉપસ્થિત થાય જયારે કામદારે સળંગ કામગીરી કરેલ હોય અથવા તો છુટા કર્યાના અગાઉના કેલેન્ડર વર્ષમાં એટલે કે અગાઉના બાર માસમાં ૨૪૦ દિવસથી વધુ કામગીરી કરેલ હોય. આમ જયારે પ્રથમ પક્ષકાર દ્વારા નિયમોનુસાર છુટા કરવામાં આવેલ હોવાનું અને ગેરકાયદેસર છુટા કરવામાં આવેલ નહી હોવાનું જણાવેલ છે. તે સંજોગોમાં બીજા પક્ષકારે છુટા કર્યાના અગાઉના કેલેન્ડર વર્ષમાં ૨૪૦ દિવસથી વધારે કામગીરી કરેલ હોવાનું અને ઔધોગિક વિવાદ ધારાની કલમ-૨૫(બી) મુજબ સળંગ નોકરી કરેલ હોવાનું પુરવાર થાય છે. જેથી મુદ્દા નં.૭ નો જવાબ હકારમાં આપવામાં આવે છે.

**(૧૪) મુદ્દા નં.૮ –**

સદર મુદ્દા પરત્વે જોવામાં આવે તો. આ કામે બીજા પક્ષકાર દ્વારા તેમના માંગણાના નિવેદનમાં તેમજ સોગંદ પરની જુબાનીમાં તેઓને મૌખિક હુકમથી છુટા કરેલ હોવાનું તેમજ છુટા કરતા અગાઉ કોઈપણ જાતની નોટીસ, નોટીસ પગાર તેમજ મીનીમમ વેજીસ પ્રમાણેના કોઈ લાભો ચુકવી આપેલ નહી હોવાનું જણાવેલ છે. ઉપરોકત હકીકતને બીજા પક્ષકારે તેઓની સોગંદ પરની જુબાનીમાં સમર્થન આપેલ છે. બીજા પક્ષકારની પ્રથમ પક્ષકાર  તરફે ઉલટતપાસ કરવામાં આવેલ છે જેમાં ઉપરોકત હકીકતથી વિપરીત હકીકત રેકર્ડ પર લાવી શકેલ નથી. વધુમાં પ્રથમ પક્ષકાર તરફે સાહેદ દીનેશકુમાર છગનલાલ પટેલનાઓએ તેઓના પુરાવા સોગંદનામામાં બીજા પક્ષકાર તા.૧૭/૧૦/૮૮ ના પરીપત્ર મુજબ ૨૪૦ દિવસની નોકરી પુર્ણ કરતા ના હોઈ તેઓને નિયમોનુસાર છુટા કરેલ હોવાનું જણાવેલ છે. સદર સાહેદની બીજા પક્ષકાર તરફે ઉલટતપાસ કરવામાં આવેલ છે જેમાં સાહેદે એ હકીકતનો સ્વીકાર કરેલ છે કે નહેર દ્વારા ખેડુતોને સિંચાઈ માટે પાણી પુરૂ પાડવામાં આવે છે. સાહેદ એ હકીકત કબુલ રાખેલ છે કે બીજા પક્ષકારે સંસ્થામાં ૧૫ વર્ષ કેનાલ પર કામ કર્યુ છે તેવો કોઈ રેકોર્ડ અમારી પાસે નથી તેમ જણાવે છે. જયારે બીજી બાજુ આ સાહેદે એ હકીકત પણ કબુલ રાખેલ છે કે રેકર્ડ મુજબ અમારી સંસ્થામાં ૨૫-૨૭ વર્ષ નોકરી કરેલ છે. આ સાહેદે વધુમાં એ હકીકત કબુલ રાખેલ છે કે નહેરમાં પાણી ન હોય ત્યારે રોજમદાર કામદાર પાસેથી ડીપાર્ટમેન્ટ મરામતની કામગીરી લેતુ હોવાનું, હુ ફરજ પર હાજર થયા પછી બીજા પક્ષકારને નોકરી પર હાજર થવા

બાબતે કોઈ પત્ર લખેલ ન હોવાનું જણાવેલ છે. બીજા પક્ષકારને નિયમોનુસાર છુટા કરવામાં આવેલ હોવાનું જણાવેલ છે પરંતુ તેવો કોઈ દસ્તાવેજી પુરાવો આ કામે રજુ કરવામાં આવેલ નથી. તે સંજોગોમાં બીજા પક્ષકારને નોટીસ આપી છટણી વળતર ચુકવી છુટા કરવામાં આવેલ હોવાની હકીકત પ્રથમ પક્ષકાર પુરવાર કરવામાં નિષ્ફળ નિવડેલ છે. આમ બીજા પક્ષકારને નોકરીમાંથી છુટા કરતી વખતે સંસ્થાએ નોટીસ, નોટીસ પગાર કે છટણી વળતરની રકમ ચુકવી આપેલ ન હોઈ ઔધોગિક વિવાદ ધારાની કલમ–૨૫(એફ) નો ભંગ કરી છુટા કરેલા હોઈ બીજા પક્ષકારને નોકરીમાંથી છુટા કરવાનું પ્રથમ પક્ષકારનું કૃત્ય ગેરકાયદેસર, ગેરવ્યાજબી અને કુદરતી ન્યાયના સિદ્ધાંતો વિરૂદ્ધનું હોવાનું ઠરાવવામાં આવે છે જેથી મુદ્દા નં.૮ નો જવાબ હકારમાં આપવામાં આવે છે.

**(૧૫) મુદ્દા નં.૯ થી ૧૧ –**

આ કામે મુદ્દા નં.૯ થી ૧૧ ની હકીકતો એકબીજા સાથે સંકળાયેલ હોઈ પુનરાવર્તનનો દોષ ટાળવાના હેતુથી સંયુકત ચર્ચા કરવામાં આવેલ છે. ઉપરોકત ચર્ચા કર્યા મુજબ બીજા પક્ષકાર દ્વારા સળંગ નોકરી કરેલ હોય તેમજ બીજા પક્ષકારને કાયદાની કલમ–૨૫(એફ) નો ભંગ કરી ગેરકાયદેસર છુટા કરેલ હોય, બીજા પક્ષકારની નોકરીનો અંત આશરે ૨૯ વર્ષ અગાઉ આવેલ હોય તેમજ બીજા પક્ષકારને છુટા કર્યા બાદ ૨૨ વર્ષ બાદ ઔધોગિક વિવાદ ઉપસ્થિત કરેલ હોય તે સંજોગોમાં હાલના કેસની હકીકતો ધ્યાને લેતાં તેમજ નામદાર ગુજરાત હાઈકોર્ટના GUJARAT STATE CIVIL SUPPLIES CORPORATION LTD Versus ABDULKADAR IBRAHIM BAKALI C/SCA/4643/2010 Dt.25/7/17 ના ચુકાદામાં કરેલ અવલોકન મુજબ

14. It would be, thus, seen that by a catena of decisions in recent time, this Court has clearly laid down that an order of retrenchment passed in violation of Section 25−F although may be set aside but an award of reinstatement should not, however, automatically passed. The award of reinstatement with full back wages in a case where the workman has completed 240 days of work in a year preceding the date of termination, particularly, daily wagers has not been found to be proper by this Court and instead compensation has been awarded. This Court has distinguished between a daily wager who does not hold a post and a permanent employee."

.........."In the last few years it has been consistently held by this Court that relief by way of reinstatement with back wages is not automatic even if termination of an employee is found to be illegal or is in contravention of the prescribed procedure and that monetary compensation in lieu of reinstatement and back wages in cases of such nature may be appropriate.

"15.12 From above quoted observations, it can be sumarized that the direction tore instate the workmen and/or direction with regard to backwages should not be passed mechanically in all cases, even in cases where the termination is found to be illegal and/or unjustified. This aspect is more relevant and applicable in cases where the JUDGMENT concerned person (in whose termination is found to be illegal ) was engaged on daily wage basis .The final relief should be appropriately modified and moulded after taking into account the facts involved in the case and relevant factors and circumstances.

ઉપરોકત ચુકાદામાં પ્રસ્થાપિત કરેલ સિદ્ધાંત તેમજ નામદાર સુપ્રિમ કોર્ટના STATE OF

UTTARAKHAND VS. RAJKUMAR 2019 SUPREME(SC) 14 DT.7/1/94 ચુકાદામાં કરેલ અવલોકન મુજબ વિલંબ ધ્યાને રાખી દાદ આપવી જોઈએ. ટર્મીનેશનના ૨૨ વર્ષ બાદ વિલંબથી વિવાદ ઉપસ્થિત કરેલ હોય રીઈન્સ્ટેટમેન્ટની જગ્યાએ વળતર અપાવવું વ્યાજબ જણાય છે જે અવલોકન ધ્યાને લીધા. વધુમાં નામદાર સુપ્રિમ કોર્ટના 2019(4) SCC 307 Deputy Executive Engineer V/s. Kuberbhai Kanjibhai Dt.07/01/2019 ચુકાદામાં પ્રસ્થાપિત કરેલ સિદ્ધાંતો મુજબ ટર્મીનેશન થયા બાદ લાંબા સમય ગાળાના વિલંબથી વિવાદ ઉપસ્થિત કરેલ હોય રીઈન્સ્ટેટમેન્ટની જગ્યાએ વળતર અપાવવુ વ્યાજબી જણાય છે. તે સંજોગોમાં હાલના કેસમાં પણ કામદારની નોકરીનો અંત ૨૮ વર્ષ અગાઉ આવેલ હોય નોકરીમાંથી છુટા કર્યા બાદ ૨૧ વર્ષ બાદ વિલંબથી ઔધોગિક વિવાદ ઉપસ્થિત કરવા ફરીયાદ કરેલ હોય બીજા પક્ષકારને નોકરીમાં પુનઃસ્થાપિત કરવાને બદલે યોગ્ય વળતર આપવું વ્યાજબી જણાય છે.

**(૧૫.૧)** હવે બીજા પક્ષકારને કેટલુ વળતર અપાવવું જોઈએ તે સંદર્ભે હાલના કેસની હકીકતો ધ્યાને લેતાં બીજા પક્ષકારે અન્ય જગ્યાએ નોકરી શોધવા પ્રયત્ન કરેલ હોય તે બતાવતો કોઈ દસ્તાવેજી પુરાવો રજુ કરેલ નથી. તેમજ આટલી કાળઝાળ મોંઘવારીના સમયમાં કોઈપણ વ્યકિત આટલો લાંબો સમય બેકાર બેસી રહેલ હોય તેવું માની શકાય નહી. આમ બીજા પક્ષકારને છુટા કર્યા બાદ તેઓ સંપુર્ણ બેકાર હોવાનું માની શકાય તેમ નથી. બીજા પક્ષકાર દ્વારા તેઓને છુટા કર્યા બાદ આશરે ૨૨ વર્ષ બાદ ફરીયાદ કરેલ છે તે સમયગાળો ધ્યાને લેતાં બીજા પક્ષકારે તેઓના માંગણાના નિવેદનમાં તથા સોગંદ પરની જુબાનીમાં તેઓને લઘુતમ વેતન ધારા મુજબ પગાર ચુકવવામાં આવતો હતો તેવું જણાવેલ છે. તે સંજોગોમાં સરકાર દ્વારા સને–૧૯૯૮ માં લઘુતમ વેતન દર રૂ.૫૮.૭૦ જાહેર કરવામાં આવેલ હોઈ બીજા પક્ષકારને અંદાજે રૂ.૧૫૦૦/– માસીક વેતન આપવામાં આવતુ હોવાનું માનવાને કારણ રહે છે. તે સંજોગોમાં બીજા પક્ષકારે આશરે ૧૫ વર્ષ સુધી પ્રથમ પક્ષકાર સંસ્થામાં નોકરી કરેલ હોવાની હકીકત ધ્યાને લેતાં નામદાર ગુજરાત હાઈકોર્ટના GUJARAT STATE CIVIL SUPPLIES CORPORATION LTD Versus ABDULKADAR IBRAHIM BAKALI C/SCA/4643/2010 Dt.25/7/17 ચુકાદાના પેરા–૧૫.૧૪ માં કરેલ અવલોકન મુજબ તેમજ બીજા પક્ષકારને માસીક રૂ.૧૫૦૦/– આધારે આશરે વાર્ષિક આવક ધ્યાને લેતાં, ઉપરોકત ચુકાદામાં કરેલ અવલોકન મુજબ તથા નામ.સુપ્રિમ કોર્ટના 2019 (4) SCC 307 Deputy Executive Engineer V/s. Kuberbhai Kanjibhai Dt.07/01/2019 ના ચુકાદામાં પ્રસ્થાપિત કરેલ સિદ્ધાંતો મુજબ તેમજ નામદાર ગુજરાત હાઈકોર્ટના GOPALBHAI MULJIBHAI CHARAN v/s RANGE FOREST OFFICER Special Civil Application No.7821 of 2019 Dt.24/04/2019 ચુકાદાના પેરા–૫ માં કરેલ અવલોકન મુજબ બીજા પક્ષકારને ઉચ્ચક વળતર રૂ.૫૦,૦૦૦/– (અંકે રૂપિયા પચાસ હજાર પુરા) અપાવવાનું ન્યાયોચિત જણાય છે. જે મુજબ મુદ્દા નં.૯ થી ૧૩ અન્વયે ન્યાયના હિતમાં નીચે મુજબ આખરી હુકમ કરવામાં આવે છે.

## – હુકમ –

(૧) હાલના બીજા પક્ષકારને તા.૩૧/૦૫/૧૯૯૯ના રોજથી છુટાં કરવાનું પ્રથમ પક્ષકારનું કૃત્ય ગેરકાયદેસર ઠરાવવામાં આવે છે.

(૨) હાલના પ્રથમ પક્ષકારે બીજા પક્ષકારને નોકરીમાં પુનઃસ્થાપિત કરવાના બદલે તથા પડેલા દિવસોનો પગાર પેટે તથા મળવા પાત્ર અન્ય હકક હિસ્સા પેટે કુલ ઉચ્ચક વળતર રૂપિયા રૂપિયા ૫૦,૦૦૦/– (અંકે રૂપિયા પચાસ હજાર પુરા) હાલનો રેફરન્સ ઉપસ્થિત કર્યા તા.૦૮/૦૧/૨૦૨૦ થી રકમ વસુલ થતા સુધી સદર રકમ ૬ટકા વ્યાજ સહીત ચુકવી આપવાનો હુકમ કરવામાં આવે છે.

(૩) પ્રથમ પક્ષકારે આ રેફરન્સ ખર્ચના રૂપિયા ૫૦૦૦/– (અંકે રૂપિયા પાંચ હજાર) બીજા પક્ષકારને ચુકવવા તેવો હુકમ કરવામાં આવે છે.

(૪) આ હુકમનો અમલ એવોર્ડ પ્રસિધ્ધ થયેથી દિન–૩૦ માં કરવાનો રહેશે.

મહેસાણા

તા.૨૫/૦૩/૨૦૨૬

(મીમાંશા મહેશ અગ્રવાલ)
GJ01382
પ્રમુખ અધિકારી
શ્રમ અદાલત, મહેસાણા.